સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

જડબાતોડ જવાબ દૈ દૈ જડબાં તૂટી ગયાં!
શહીદી ને અગ્નિદાહ દૈ દૈ લાકડાં ખૂટી ગયાં!
છૂટી ગયા ઉહાપોહ કરીને 'એ' દેશ-વિદેશોમાં -
સૈનિકો તો બચાવ પક્ષે રહી રહી તૂટી ગયા!

હાઈકુ

રિબાય પ્રજા
કણસે છે કાશ્મીર
શિકારા સૂના...
(સ્વર્ગ બન્યું સ્મશાન)

ઉકળે લોહી -
ને બોલાવે બેઠક
ઉચ્ચ સ્તરીય!
(લોહી શાંત...)

ચિંતન

આયુકે વ્યસને પ્રાપ્તે દુર્ભિક્ષે શત્રુ-સંકટે ।
રાજદ્વારે શ્મશાને ચ યસ્તિષ્ઠતિ સ બાન્ધવઃ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્ટ મેટમાંથી લેવાયેલ છે.

બીમારીનું દુઃખ આવી પડે, દુકાળ પડે, શત્રુ જયારે કોઈ મુશ્કેલી સર્જે ત્યારે, રાજયસભા, સ્મશાન અથવા મૃત્યુ સમયે જે વ્યક્તિ સાથ ન છોડે, હકીકતમાં એ જ સાચો ભાઈ છે.

કાયદાકીય મુશ્કેલીના સમયે અને મૃત્યુના સમયે સ્મશાન ઘાટ પર જે હાજર રહે તે જ સાચો ભાઈ છે. આ પ્રસંગો એવા છે જયારે મદદની અત્યંત જરૂર હોય છે.

તમારા ભાઈ ભાંડુ તમારી ઉન્નતિ કે તમારા પતનનો એક અદૃશ્ય હિસ્સો છે. એથી જ એમના પર નજર રાખો કે એ તમારું કે તમે એનું અહિત ન કરી બેસો.

સુવિચાર

- ઉદાર હૃદય વિના ધનવાન પણ એક ભિખારી છે - **એમર્સન**
- વિનમ્રતાની નાવ થકી જ વિપત્તિઓનો સાગર પાર કરી શકાય છે - **જનકલ્યાણ**
- માનવીનું ચારિત્ર્ય એ વાતમાં છે કે ચારિત્ર્ય જાળવે અને સફળતા કે સમૃદ્ધિની ઐસીતૈસી કરે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભૂતકાળ ને દાટી દઈએ તો તેનું મોંઘું ખાતર બની શકે છે, પણ જો તેને બહાર રાખીએ તો ઉકરડો બને - **અમૃતબિંદુ**
- જે અલ્પ છે એમાં જ સુખ છે - **જીવનસૂત્ર**
- કોઈ બોલાવો નહીં ને ત્યારે, આપણે હોઈએ મૌનમાં એ પણ સુખ - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : મધમાખીના ડંખ ઉપર ગોળ બાળીને ઠંડો કરીને ચોપડવાથી પીડા મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

દરેક સફળતા - એવોર્ડ - વિજય માટે પ્રયત્ન - પ્રેક્ટીસ - સાહસની જરૂર પડે જ છે.

ફ્રેન્ચ સાહસિક ફીલીપ પેટીટ બે મકાન વચ્ચે દોરડું બાંધી નીચે કોઈ પણ જાતની સેફ્ટીનેટ બાંધ્યા વગર કોઈ પણ વાંસ કે એવું કંઈ હાથમાં પકડ્યા વગર ખુલ્લા હાથે દોરડા પર ચાલીને એક છેડેથી બીજે છેડે જનાર સાહસિક.

અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવર વચ્ચે દોરડું બાંધીની ફીલીપ ચાલ્યો. પોલીસે આવો ખતરનાક સ્ટંટ કરવા બદલ તેની ધરપકડ કરેલી. આ ભયંકર જાનલેવા સ્ટંટ કરતાં તેને ૪૫ મિનિટ થઈ હતી. પોલીસે પૂછ્યું, 'ભાઈ આવું જોખમ પરાક્રમ કેવી રીતે કર્યું?' ફીલીપે જવાબ આપ્યો, 'હા, જોખમ ભર્યું પરાક્રમ તો કર્યું છે પણ તે અચાનક નથી કર્યું, ૬ વર્ષથી આ જોખમ કરવાની પ્રેક્ટિસ કરું છું.'

આ ટ્વિન ટાવર ઉપર તો આજે ચડ્યો પણ મેં શરુઆત તો એક બે માળના મારા શહેરના મકાનો વચ્ચે દોરડા બાંધીને કરી હતી. નાના મોટા અનેક મકાનો વચ્ચે દોરડા બાંધીને પછી ૧૦ થી ૧૫ માળના મકાનો પર જોખમ લઈ મધરાતે ઉજાગરા કરી આ ટ્વિન ટાવર સુધીની મજર કાપી છે. ૬ વર્ષથી ઉજાગરા કરીને જે કર્યું તે જોવા કોઈ નવરું ન હતું પણ આજે ટ્વિન ટાવર વચ્ચે જે જોખમી ચાલ્યો તો એ જોવા ૧ લાખ માણસ ભેગું થઈ ગયું.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસનું ગાંધીકાર્ડ

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે જ ઓગસ્ટના પ્રથમ અઠવાડિયામાં ઉપરાષ્ટ્રપતિની પણ ચૂંટણી આવી રહેલ કોઈ સ્વાભાવિક રીતે જ રાજકીય પાર્ટીઓ પોતપોતાનાં સોગઠાં ગોઠવવા લાગી ગઈ છે. રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના બલકે ખરું જોતાં તો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારટ્ટ તરીકે બિહારના રાજયપાલ રામનાથ કોવિંદનું નામ જાહેર કરી દઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એક કાંકરે અનેક પક્ષી માર્યા હતાં. કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએ ગઠબંધન માટે દલિત અને કોળી નેતાની સામે દલિત કાર્ડ જ ઊતરવું પડે એવી મૂંઝવણભરી સ્થિતિ સરજાઈ હતી, જેની ફળશ્રુતિ લેખે મીરા કુમારને પોતાનાં ઉમેદવાર તરીકે જાહેર કરવાં પડ્યાં હતાં. જો કે યુપીએના એક વગદાર પાર્ટનર જનતા દળ (યુ) દ્વારા બિહારના રાજયપાલ રહી ચૂકેલા દલિત ભાજપી ઉમેદવારને સમર્થન જાહેર કરાઈ ચૂક્યું હોઈ બિહારની જ દીકરી એવા મીરાકુમારને રાષ્ટ્રપતિનાં ઉમેદવાર જાહેર કરાયા છતાં યુપીએ ગઠબંધનમાં ઊભી તિરાડ પડાવવામાં ચાણક્યબુદ્ધિ ધરાવતા વડાપ્રધાન સફળ થયા, તે હકીકત છે. ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર અને પશ્ચિમ બંગાળમાં રાજયપાલ તરીકે સફળ કામગીરી બજાવી ચૂકેલ ગોપાળકૃષ્ણ ગાંધીનું નામ જાહેર કરી કોંગ્રેસ વ્યૂહાત્મક ચાલ ચાલી વડાપ્રધાન મોદીની મૂંઝવણમાં મૂકી દીધા છે. ગોપાળકૃષ્ણ ગાંધી વર્ષો સુધી વિદેશ સેવાની કામગીરી બજાવ્યા પછી નિવૃત્ત થયા હતા અને ગાંધીજીના આદર્શોને વરેલા રાજયપાલ તરીકેની એમની સેવાઓ પણ નોંધપાત્ર રહી હતી. અગાઉ એમનું નામ વિપક્ષોના સંયુક્ત ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિ પદ માટે વિચારાઈ રહ્યું હતું ત્યારે ખુદ ગોપાલકૃષ્ણ ગાંધીએ સર્વપક્ષીય અને સર્વમાન્ય ઉમેદવાર તરીકે પોતાનું નામ રજૂ થયું હોય તો એ સર્વોચ્ચ પદ માટે ઉમેદવારી નોંધાવવાનું સ્વીકાર્યું પણ હતું. જો કે ભારતીય જનતા પાર્ટી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એમના વિશુદ્ધ ગાંધીવિચારને જાણતાં હોઈ એમનું નામ કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકે એમ નહોતાં. કોંગ્રેસ અને યુપીએ મારફત આ નામ રાષ્ટષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે વહેલું રજૂ કરાયું હોત તો મોદી-શાહ એન્ડ કંપની માટે મૂંઝવણભરી સ્થિતિ જરૂર સરજાઈ હોત. વળી જદ (યુ)ના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર માટે પણ મોદી-શાહના ઉમેદવારને સમર્થન આપવાની નોબત ન આવી હોત. એ જુદી વાત છે કે અત્યારે આંકડા સંપૂર્ણપણે એનડીએના ઉમેદવારની તરફેણમાં છે. જો કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફક્ત સાંસદો જ મતદાન કરતા હોઈ લોકસભામાં રાક્ષસી બહુમતી ધરાવતા શાસક પક્ષ માટે રાજયસભામાં પૂરી બહુમતી નહીં હોવા છતાં પોતાના ઉમેદવારને ચૂંટવામાં જરા પણ મુશ્કેલી પડશે નહીં. પ્રશ્ન ફક્ત ગાંધીજીના આદર્શોને જીવનાર એમના જ પૌત્ર સામે યોગ્ય ઉમેદવાર ઊભો કરવાનો રહેશે. જો સોગઠી મારીને વડાપ્રધાન ઉપરાષ્ટ્રપતિ પદના યુપીએના ઉમેદવારનું સમર્થન કરશે તો કોંગ્રેસ પાસેથી આગામી ચૂંટણીમાં વટાવવાજોગું ગાંધી - કાર્ડ ખૂંચવાઈ જાય એવી સ્થિતિ પણ સરજાઈ શકે. જો કે ઉપર જણાવ્યું તેમ ભાજપ કે સંઘ ગોપાળકૃષ્ણ ગાંધીના આદર્શવાદી વિચારો સાથે સહમત થાય એવી શક્યતા ઓછી છે. ગોપાળકૃષ્ણ ગાંધીએ રાષ્ટ્રપતિમાં કડવું સત્ય ઉચ્ચારવાની હિંમત હોવી જોઈએ એ મુજબનું નિવેદન કરીને પોતાની નીતિ સ્પષ્ટ કરી જ દીધી છે. એ જોતાં ભલે વ્યૂહાત્મક દૃષ્ટિએ કોંગ્રેસનો હાથ ઉપર રહે પરંતુ છેલ્લું હાસ્ય તો મોદી-શાહના ચહેરા પર જ રેલાશે.

સાહેબ, આ ગંગા અમારી છે, તમારે અહીં સ્નાન કરવું હોય તો અવશ્ય કરો...

નવોદિત કોલમ
કાનન ઓઝા

ગંગાના તટ પર સ્થાનાર્થીઓની ભીડ અવિરત વધતી જતી હતી. અચાનક ભાગદોડ મચી. ટોળાને ચિરતા કેટલાંક ગોરા ઘોડેસવાર સૈનિકો કોડા ઘૂમાવતા ધસમસતા આવી રહ્યાં હતા. એમનો હતું હતો ગોરી મેડમો માટે ગંગાકિનારા પર સ્થિત હરિશચંદ્ર ઘાટ ખાલી કરાવવાનો. કોડાનાં અવાજ અને ઘોડાની દડબડાટીથી ભયભીત જનસમુહ પોતાનાં બાળકો અને સમાન સાથે આમથી તેમ ભાગવા લાગ્યો. 'હર હર મહાદેવ' 'જય જય અંગે' ના નારાઓએ 'જલ્દી ભાગો ! ભાગો ?' એ લઈ લીધું.

પિતાએ વસ્ત્રો ઉઠાવ્યા અને ઝડપથી બૂમ પાડી. 'બેટા જલ્દી અહીં આવ, ચાલ આપમે ગામ જઈએ!, 'પુત્રી એ બૂમ પાડી.' 'હું નહીં આવું તમે જાવ.' હઠીળી બાળકી ઘાટનાં પગથિયાં પર બેસી ગઈ. જોવા લાગી શું આવી રહ્યું છે? નદીનાં નાવિકો પણ નૌકાઓ લઈ ભાગવા લાગ્યા. થોડા સમયમાં તો ઘાટ સુમસામ થઈ ગયો. ગંગા ઉદાસ થઈ ગઈ. જાણે કહી રહી હતી. 'આ ગોરાનાં આપણે ગુલામ છીએ.' બાળકીને પણ આની પ્રતીતિ થઈ. આજ છે તે ગોરાઓ જેને જોઈ સૌ ભારતીયો ભયભીત બને છે. અને બધા ભલે થાય, હું તો ડરતી નથી. આમ વિચારી બાળકી પાણીમાં પર ઝબોળી હલાવવા લાગી.

પાછળથી ગોરો સરદાર બરાડ્યો, 'તું કેમ ગઈ નથી છોકરી ?' બાલિકાનું વિચારસૂત્ર તૂટ્યું, તેમે જોયું. સરદાર એને જ ઘૂરી ઘૂરીને જોઈ રહ્યો હતો.

'અરે સાંભળતી નથી, શું કહું તને ? પેલો ગોરો સરદાર ફરી બરાડ્યો' સાંભળ્યું બાલિકા? ભોળપણથી બાલિકા એ કહ્યું, તો ભાગ બાલિકા અમે અહીં સ્નાન કરીશું, 'પાછો તે કર્કશ અવાજમાં બરાડ્યો.'

બાલિકાને ક્રોધ આવ્યો તે બોલી,

સાહેબ આ ગંગા અમારી છે. તમારે અહીં સ્નાન કરવું હોય તો અવશ્ય કરો... પરંતુ અમને શા માટે રોકો છો ? ગંગા તો સૌની માતા છે.

આ સાંભળ્યા પછી ગોરો સરદાર ખૂબ જ ક્રોધે ભરાયો, 'એય નાદાન છોકરી મને તું ઓળખતી નથી?' બાલિકાઓ શાંતિથી નિર્દોષ ભાવે કહ્યું, તમે તો પરદેશી છો. હું તમને જાણું છું અને તમે અમારું શાસન પરાણે પચાવી પાડ્યું છે.

અંગ્રેજ બરાડ્યો એ બોલવા લાગ્યો તું અહીંથી ચાલી જા, અમને સ્નાન કરવા દે. બાળકી ગંભીર સ્વરે બોલી હવે તો હદ થઈ ગઈ અંગ્રેજ બાળકીને બાવડેથી પકડી. અને બાળકી પોતાને છોડાવા બૂમાબૂમ કરી કે મને છોડી દે. પરંતુ અંગ્રેજી બહુ બળ કહ્યું ત્યારે બાળકીએ અંગ્રેજનાં હાથે બચકું ભર્યું તે જોરથી પીડાથી બરાડ્યો અને હાથ છોડી દીધો.

સ્નાનનો નિર્ણય બદલીને બાળકી ગંગાજળને સ્પર્શી મસ્તક પર નાંખતી રહી. જાણે કે સવારમાં સૂર્યની સાક્ષી એ પ્રતિજ્ઞા લઈ રહી હતી. 'આ ગંગા અમારી છે.' 'આ ધરતી અમારી છે.' 'આ દેશ અમારો છે.' અંગ્રેજ પણ આ બહાદુર બાળકીની સાથે હટ કરવાનું છોડી દીધું.

આ નાની બાળકી અન્ય કોઈ નહીં, મોરે પંત તાંબેની પુત્રી મનુ હતી. જે આગળ જઈને 'ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં' નામથી પ્રસિદ્ધ થઈ.

ઘઉંનાં જવારા : આટલું જાણવું જરૂરી છે

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

હમણાં જ ગૌરીવ્રત પુરા થયા. ગૌરીવ્રત આવે એટલે ઘઉંના જવારા ચોક્કસ યાદ આવે.આપણે આપણાં બળકો ફીટ એન્ડ ફાઈન રહે એ માટે દુનિયાભરના મલ્ટીવિટામીન અને પ્રોટીન ના સપ્લીમેન્ટ પધરાવતા હોઈએ છીએ, પણ એ ભૂલીએ છીએ કે ઘઉંનાં જવારા જેવું નેચરલ, સરળ, સુલભ અને સસ્તું સપ્લીમેન્ટ પણ અવેલેબલ છે. આજ થી ચાલીસેક વર્ષ પહેલા બોસ્ટન (અમેરિકા) ના એક વ્યકતી ઈ.એફ.આઈરન્સ એ જાહેરાત કરી હતી કે "ઘઉં ના જવારા માં વિટામીન ડી નથી, પણ તે સિવાય શરીર ને આવશ્યક કોઈ પણ પોષક દ્રવ્ય, માત્ર સેન્દ્રીય ખતરો વાપરીને ઉગાવેલ ઘઉં ના જવારા માં નથી એવું દેખાડી આપનાર ને ૧૦,૦૦૦ ડોલર નું ઈનામ..." અને આજ સુધી કોઈ એ ઈનામ મેળવી શક્યું નથી.

તો આ ઘઉંના જવારા કે જે નવજાત શિશુંથી લઈને નાના મોટા સૌ કોઈ લઈ શકે છે, અને જે રોગ ને આવતા અટકાવી તંદુરસ્તી અને સ્વાસ્થ્ય બક્ષે છે, અને શ્રેષ્ઠ ટોનિક નું કામ તો કરે જ છે પરંતુ મેદસ્વીતા, ડાયાબિટીસ, વા, સામાન્ય શરદી – ઉધરસ તાવ એલર્જી, હાઈ તેમજ લો બ્લડ પ્રેશર, પિત્તપ્રકોપ, દમ, પાચનતંત્રની નબળાઈ, ચાંદા, પાંડુ, પથરી, ચામડીના રોગો, આંખો કે વાળના રોગો, યાદશક્તિની નબળાઈ, ઓછો માનસિક વિકાસ, પ્રોસ્ટેટ, અને કેન્સર જેવી બિમારીઓમાં અસરકારક છે તેવા ઘઉંના જવારાને ચોક્કસ રોજીંદા જીવનમાં સ્થાન મળવું જોઈએ. આ ઘઉંનાજવારાને ઉગાડવાની પધ્ધતિથી આમ તો સૌ કોઈ વાકેફ હશે જ, તેમ છતા આદર્શ પધ્ધતિ પર નજર કરીએ. બગડેલા કે સાવ નવા ન હોય તેવા ઘઉં અને સારી ફળદ્રુપ માટી લેવી. માટીને કુંડામાં ભરવી. ઘઉંને બાર કલાક સુધી પાણીમાં પલાળી રાખવા. પલાળેલા ઘઉંને પોટલીમાં બાંધી, ચોવીસ કલાક માટે પોટલીને ઢાંકેલા વાસણમાં મુકવી. ચોવીસ કલાક પછી ઘઉં અંકુરીત થઈ ગયા હશે. આ અંકુરીત ઘઉંને કુંડામાં વાવવા. આ માટે કંડામાં માટી અને ચોથા ભાગનું ખાતર નાંખવું. માટીમાં પાણી નાંખવું. અંકુરીત ઘઉંને માટી પર પાથરવા. બધી માટી ઘઉંથી ઢંકાઈ જવી જોઈએ. ત્યારબાદ ઘઉંના દાણા પર બધા દાણા ઢંકાઈ જાય તેટલો માટીનો બારીક ભુક્કો નાંખવો. ત્યારબાદ કુંડાને ૪૮ કલાક માટે ઢાંકી દેવું. ૪૮ કલાક બાદ ઢાંકણ હટાવતા દરેક દાણો ઉગેલો જણાશે. હવે કુંડાને ખુલ્લુ જ રાખવું અને નિયમીત પાણી પાવું.

જવારા પાંચ-સાત ઈંચના થાય ત્યારે તેને કાપવા. કાપીને સીધા ધોઈને તેનો રસ કાઢી તરત રસ પી જવો. જેટલો સમય રસ પડ્યો રહેશે તેટલા તેના ગુણ ઓછા થશે. જવારાના રસ લીધાના અર્ધા કલાક પહેલા અને પછી કૈં ખાવામાં ન આવે તો વધું સારુ. સામાન્યતઃ ૧૫-૨૦ મિલિ જેટલો રસ ડેઈલી લઈ શકાય.

ઘઉંના જવારા આપણને અનેકાનેક રીતે લાભદાયી છે. કોઈ રોગ ન થાય તે માટે સ્વસ્થ રહેવા પણ નિયમીત જવારાનો રસ લઈ શકાય. વિદેશમાં તો ઘઉંના જવારા એટલે કે "વ્હીટ ગ્રાસ" નું ખૂબ ચલણ છે. જવારા પર અનેક રિસર્ચ થયેલા છે અને સાયન્સે તેના હેલ્થ બેનીફીટ પુરવાર કરેલા છે. સરળ સુલભ એવા આ દેશી ઉપચારને રોજીંદા જીવનનો ભાગ બનાવવામાં કાંઈ ખોટુ નથી હો...

- contact@atharvaayu.com

આજનો દિવસ ધીગા વરસાદ તારા નામ પર

મનના ઉમંગો
રણછોડ પરમાર

માનનીય શ્રી ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષપદે મળતી ત્રિદલ સંસ્થામાં ગયા વર્ષે કેવળ વરસાદના કાવ્ય પઠનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ વરસે પણ આવો કાર્યક્રમ ગોઠવાઈ ગયો. ગાંધીનગર સાહિત્યસભામાં પણ ગયા વરસની જેમ છેલ્લા રવિવારે એટલે કે તા:- ૯/૦૭/૨૦૧૭ ની સમી સાંજે વરસાદી ગીત ગઝલની રમઝટ જામી ગઈ. કમનસીબે(આમ તો શ્રોતાઓના સદનસીબે) હું તેમાં હાજર રહી શક્યો ન હતો.પૂનમ હોવાથી અમારે માતાઓના દર્શને જવાનું હતું. પાછા વળતા જો સમય રહેશે તો સીધો નમન એર્પા?ટમેંટ જતો રહીશ એવી મનસા સાથે બે કવિતા લખીને ખિસ્સામાં મૂકી દીધી હતી. પરંતુ અમે તો રસ્તામાં જ રાત પાડી દીધી. આ બેઠકમાં શ્રી નટવરભાઈ હેડાઉ અધ્યક્ષશ્રી ઉપરાંત ભૂતપૂર્વ અધ્યક્ષશ્રીઓ ભરતભાઈ કવિ અને ભાનુપ્રસાદ પુરાણી પણ હાજર રહ્યા હતા.આવી સરસ સભા માણવા ના મળી એની ત્રુટી તો હવે કઈ રીતે પૂરી શકાય ? મેં ખાસ આ બેઠકમાં વાંચવા માટે બે નવા કાવ્ય લખ્યા હતા તે ખિસ્સામાં જ રહ્યા. ખબર નહીં હવે આ કાવ્યો ખિસ્સામાંથી ક્યારે નીકળી શકશે ? આવા સરસ વરસાદી માહોલમાં આજે વરસાદની જ વાત કરવાની ઈચ્છા થાય છે. ચિંતા ના કરતાં મારી કવિતા તમારા માથે ફટકારવાનો મારો કોઈ ઈરાદો નથી.

શ્રી ભગવતીકુમાર શર્માએ વરસાદ વિષે કેટલું સરસ કહ્યું છે તે જુઓ.

"વરસાદ એ તો આકાશે ધરતીને અંગેઅંગે કરેલાં કોટિકોટિ ચુંબનો છે. કૃષિકાર અને કવિ બંને ચોમાસામાં છલકાય છે.મોસમ છલકે છે અને મન પણ છલકે છે. કવિની કલમમાંથી શાહી વરસાદ બનીને છલકે છે અને કવિની ડાયરીના પાનાં છલકાઈ છલકાઈને વહેવા માંડે છે."

અષાઢ બેઠો પણ ના હોય ત્યારથી લોકો વરસાદની રાહ જોતા હોય છે. મેઘરાજા ધરતીને ભેટવા આવી ચડે છે અને પહેલો વરસાદનો છાંટો કોઈ કવિના અંગે સ્પર્શે છે કવિરાજ રોમાંચિત થઈ જાય છે. શ્રી મનોજ ખંડેરીયા એક ગઝલમાં કહે છે;

ઊછળવા લાગ્યું ઘોડાપૂર ધસમસતું રગેરગમાં,
ઝીલ્યો જ્યારે પ્રથમ વરસાદનો છાંટો હથેળીમાં.

કવિશ્રી ગની દહીવાળા આમતો ગઝલકાર તરીકે વિખ્યાત છે. એમણે કેટલાયે સુંદર ગીતો પણ લખ્યા છે.(એક વાર આ કોલમમાં ગનીભાઈનું ગીત "મોરલાને વેઠ્યો ના જાય વરસાદમાં" રજૂ કરેલું છે,) તેમણે લખેલા "વર્ષાના ફૂલ : ગીતનો ઉપાડ કેટલો અદભૂત છે તે જોવાનું તમને ચોક્કસ ગમશે. જેવો અનોખો ઉપાડ છે એટલી ભવ્ય કલ્પનાઓ આખાયે ગીતમાં છે.પણ રાત ટૂંકી ને વેશ ઝાઝાની પરિસ્થિતિમાં હું તમને આગળની એક કડી જ વાંચવા આપીશ.

આકાશથી વરસ્યાં જો વર્ષાનાં ફૂલ,
ઓગળે ને ગણતાં ગણાય નહિ
સંખ્યામાં એટલાં વિપુલ.....
આકાશથી વરસ્યાં જો વર્ષાનાં ફૂલ.
અવકાશે આળોટી સાગરની સુંદરીએ
મેલાં કરી મેલ્યાં ચીર,
ઉકળાટે અકળાતી અસ્થિર એ લલનાને
ભેટ્યો ત્યાં શીતળ સમીર,
ભીંજાઈ ડોલ્યાં જ્યાં હૈયાં ઉભયનાં ત્યાં ઝુલી રે ઝરમરિયા ઝૂલ.
આકાશથી વરસ્યાં જો વર્ષાનાં ફૂલ.

વરસાદ પડે છે અને ધરતી ઘેલી ઘેલી થઈ જાય છે. એના અંગાંગમાંથી મદભર સુગંધ રેલાવા માંડે છે. મૂળે તો આ માદકતા આકાશે ભમતા મેહુલિયામાં હતી એ વાત કવિ આદિલ મન્સુરી જાણી ગયા હોય તેમ કહે છે.

કેટલી માદકતા સંતાઈ હતી વરસાદમાં.
મસ્ત થઈ સૃષ્ટિ બધી ઝૂમી ઉઠી વરસાદમાં

અષાઢી મેઘના આગમનથી ધરતીની આવી દશા થાય છે. તો પિયુઘેલી જુવાનજોધ નવી વહુનું શું થતું હશે ? પાછો સાજન આવવાનો સંદેશ મળી ગયો હોય અને વ્હાલમિયો આવવાનો અડતામાં સમય નજીક ને નજીક આવી રહયો હોય ત્યારે એના મનોગગનમાં આથમતો સૂરજ કેવા કેવા રંગો પાથરતો હશે તેની આપણને શી ખબર પડે ? બે માઈલ દૂર પ્રીતમજી કોઈની સાથે વાત કરતા હોય એનો અવાજ આ મુગ્ધા ઘરના ઉંબરે ઊભી ઊભી સાંભળી શકે છે. મારી વાત તમારા માન્યામાં ના આવે તો શ્રી મણિભાઈ હ. પટેલ પાસે તમે ખરાઈ કરી શકો છો. કહ્યું છે ને ભાઈ કે જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ. આપણા જાણીતા અને માનીતા કવિશ્રી મનોજભાઈ ખંડેરિયા જાણે પરકાયા પ્રવેશ કરીને આવી નવયૌવનાનું ગીત લઈ આવ્યા છે.

અષાઢી વાદળાંનો ઊડ્યો ઉમંગ.
મારી આંખમાં ચણોઠિયું ઊગી રે સૈ
આંગળીની જેમ રાખી ઈચ્છાઓ હાથમાં તે
આજ હવે આકાશે પૂગી રે સૈ.
મારા કમખાની કસમાં બંધાઈ ગઈ રાત
થાય તૂટું તૂટું રે મારી સૈ
કાચ જેવી હું તો કિરણ જોઈ ઝબકું ને
ફટ કરતી પળમાં ફૂટું રે મારી સૈ
પરસાળે પગલું હું કેમ કરી માંડું કે
મેંદીની ભાત પગે કરડે રે સૈ
મૂઠ્ઠીની જેમ હું તો થઈ જાઉ બંધ ને
મનમાં પરોઢ રાતું ઉઘડે રે સૈ.
નળિયાને એવું તો થઈ બેઠું શુંય કે
આખો દિ' કાગ જેમ બોલે રે સૈ
આભને ઊતરતું રોકી લ્યો કોઈ
મારા સપનામાં ડુંગરા ડોલે રે સૈ.

હજુ એક વરસાદી ગીત લખવાનું મન થાય છે, પણ જવાદો વાત, ફરી કોઈ વાર.